રાંદેરમાં જર્જરિત ગણેશ એપાર્ટમેન્ટના 27 ફ્લેટને સીલ મારી દેવાયા

150થી વધુ લોકોના વસવાટ માટે એપાર્ટમેન્ટ જોખમી જણાતા ડ્રેનેજનું કનેક્શન કાપીને ખાલી કરાવાયો

સુરત, તા.૧૨

સુરત મનપાના રાંદેર ઝોનના ગામતળ વિસ્તારમાં આવેલા જર્જરીત ગણેશ એપાર્ટમેન્ટના ૨૭ ફ્લેટને સીલ મારી દેવામાં આવ્યું હતું. એપાર્ટમેન્ટમાં અંદાજે ૧૫૦થી વધુ લોકો વસવાટ કરતા હોય મિલકત રહેવા માટે જોખમી જણાઈ આવતા પાણી અને ડ્રેનેજનું કનેક્શન રદ કરી વસવાટ ખાલી કરાવવામાં આવ્યો હતો.

સચીનના પાલીગામ ખાતે બનેલી ઘટના બાદ સુરત મનપા દ્વારા જર્જરીત મિલકતો સામે તવાઈ લાવવામાં આવી હતી. નોટીસ આપવા છતા વસવાટ ખાલી કરવામાં નહી આવતા મનપા દ્વારા પાણી અને ડ્રેનેજ લાઈનનું કનેક્શન સીલ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. મનપાના રાંદેર ઝોનના ગામતળ વિસ્તારના પોપટ ફળીયામાં ગ્રાઉન્ડ પ્લસ ૪ માળનું ગણેશ એપાર્ટમેન્ટ આવેલું છે.

એપાર્ટમેન્ટ જર્જરીત થઈ જતા મનપા દ્વારા નોટીસ ફટકારવામાં આવી હતી. તેમ છતા રહીશોએ વસવાટ ખાલી કર્યો નહોતો. જેને પગલે આજે રાંદેર ઝોન દ્વારા ગણેશ એપાર્ટમેન્ટનું પાણી અને ડ્રેનેજ કનેક્શન સીલ કરીને ૨૭ ફ્લેટ અને ૪ દુકાનોને સીલ મારી દેવામાં આવ્યું હતું. આ સાથે રાંદેર ગામતળ વિસ્તારની સુબેદાર સ્ટ્રીટમાં આવેલા એક એપાર્ટમેન્ટના ૧૬ ફ્લેટને સીલ મારી દેવાયું હતું.



સુરતના હેલ્પીંગ હેન્ડસ ગ્રુપનો મગજ પર થતી મોબાઈલની અસરો વિશે જનજાગૃતિ કાર્યક્રમ

સુરત, તા.૧૨

જીવન ભારતી સ્કૂલના રંગ ભવન ખાતે આજે સ્કીન (મોબાઈલ ,ટીવી ,લેપટોપ કે ટેબલેટ)ના વધુ પડતા બિનજરૂરી ઉપયોગને લીધે બાળકોના વિકસતા મગજ પર કેવી માઠી અસરો થાય છે , તેના શું ગંભીર પરિણામો આવી શકે અને આ સમસ્યાનો સામનો કરવા શું કરી શકાય તે બાબતની વિસ્તૃત માહિતી વૈજ્ઞાનિક તારણો સાથે ડો. રીતેશ શાહ દ્વારા આપવામાં આવી હતી.

આંખો પહોળી થઈ જાય તેવી માહિતીઓ જણાવતા ડોક્ટરે કહ્યું કે જો પાંચ વર્ષ પહેલા બાળકોને મોબાઈલ આપી બેસાડી દેવામાં આવશે તો મગજમાં નવા કનેક્શનનો બનવાની શક્યતાઓ નહિવત થઈ જશે અને વધુ પડતા મોબાઈલના ઉપયોગથી મગજની સાઈઝમાં પણ ઘટાડો થઈ શકે છે.

સાથે ડોક્ટરે ઊંઘ - રોજ ની નિયમિત ઊંઘ નું સ્વાસ્થ્ય માટે શું મહત્વ છે, બાળકના સર્વાંગી વિકાસ માટે પૂરતી ઊંઘ ઉત્તમ કુદરતી પરિબળ છે-જો બાળકને તમે સવારે વહેલા ઉઠાડો છો તો તમે એક ગુનો જ કરો છો. આ તારણનું વૈજ્ઞાનિક ઢબે માહિતી આપી અને લોકોને આ બાબતની મહત્વતા સમજાવી હતી. તેમજ યાદશક્તિ ,લાગણીઓનું નિયંત્રણ, રચનાત્મકતા અને શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવા ઊંઘનું કેટલું મહત્વ છે તે વિશે પણ જણાવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન સુરતના *હેલ્પીંગ હેન્ડ્સ ગ્રુપ* દ્વારા થયું હતું, જેમાં વિવિધ શાળાઓના શિક્ષક ગણ, ડોક્ટર મિત્રો અને વાલીઓએ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજર રહી અને એક્ટિવ પાર્ટીશીપેશન આપ્યું હતું.

સ્ટારલાઈનપીએસ એન્ટરપ્રાઈઝીસ લીમીટેડ

(CIN: L36910GJ2011PLC065141)

રજી. ઓફિસ : શોપ-એફ/૧, પહેલા માળે, અઠવા આર્ક શોપિંગ સેન્ટર, યતિમ ખાના ની સામે, અઠવાગેટ, સુરત-૩૯૫૦૦૧, ગુજરાત. ફોન નં.0261-2600343 મો. નં. +91-7574999004

Email: info@starlineps.com, Website: www.starlineps.com

પોસ્ટલ બેલેટની નોટિસ (રિમોટ ઈ-વોટિંગ દ્વારા)

સૂચના આથી આપવામાં આવે છે કે કલમ 108, 110 અને અન્ય લાગુ જોગવાઈઓ, જો કોઈ હોય તો, કંપની અધિનિયમ, 2013, કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, 2014 ના નિયમ 20 અને 22 સાથે વાંચવામાં આવે છે અને એમસીએ પરિપત્રો અને રેગ્યુલેશન અનુસાર SEBI (LODR) રેગ્યુલેશન્સ, 2015 ના 44, ઉપરોક્ત નોટિસમાં દર્શાવેલ ઠરાવો માટે સભ્યોની સંમતિ માંગતી પોસ્ટલ બેલેટ નોટિસ, તે તમામ સભ્યોને ઈલેક્ટ્રોનિક રીતે મોકલવામાં આવી છે જેમના ઈમેલ એડ્રેસ કંપની/આરટીએ/ડિપોઝિટરીઝ/માં નોંધાયેલા છે. ડિપોઝિટરી સહભાગી શુક્રવાર, 9મી ઓગસ્ટ, 2024ના રોજ ('કટ ઓફ ડેટ'). કંપનીએ સોમવાર, 12મી ઓગસ્ટ, 2024ના રોજ પોસ્ટલ બેલેટ નોટિસની ઇલેક્ટ્રોનિક ડિસ્પેચ પૂર્ણ કરી છે.

પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઇટ www.starlineps.com, સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE લિમિટેડ (BSE)ની વેબસાઇટ અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL)ની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ છે. જે સભ્યોને નોટિસ મળી નથી તેઓ ઉપરોક્ત વેબસાઇટ પરથી તેને ડાઉનલોડ કરી શકે છે.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે પોસ્ટલ બેલેટ અને ઈ-વોટિંગ પ્રક્રિયાને નિષ્પક્ષ અને પારદર્શક રીતે હાથ ધરવા માટે સુરતના પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી (COP નંબર 9360) શ્રી મનીષ આર. પટેલને સ્ક્રુટિનાઈઝર તરીકે નિયુક્ત કર્યા છે.

જે સભ્યોના નામ કટ-ઓફ તારીખે સભ્યોના રજિસ્ટર/લાભકારી માલિકોની યાદીમાં દેખાય છે તેઓને જ ઈ-વોટિંગના હેતુ માટે લાયક ગણવામાં આવશે. જે વ્યક્તિ કટ-ઓફ તારીખ પછી સભ્ય બને છે તેણે આ સૂચનાનો ઉપયોગ ફક્ત માહિતીના હેતુ માટે કરવો જોઈએ. સભ્યોના મતદાન અધિકારો કટ-ઓફ તારીખે કંપનીની પેઇડ-અપ ઇક્વિટી શેર મૂડીના તેમના હિસ્સાના પ્રમાણમાં હશે.

એમસીએ દ્વારા જારી કરાયેલા લાગુ પરિપત્રોના પાલનમાં, કંપની તેના સભ્યોને માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમો ('ઈ-વોટિંગ') દ્વારા નોટિસમાં નિર્ધારિત ઠરાવો પર મત આપવાની સુવિધા પૂરી પાડી રહી છે. સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ માત્ર ઈ-વોટિંગ દ્વારા તેમની સંમતિ અથવા અસંમતિ પ્રદાન કરે. આ હેતુ માટે, કંપનીએ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) ને ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે એજન્ટ તરીકે જોડ્યા છે. નીચે આપેલા સમયગાળા દરમિયાન સભ્યો તેમનો ઈ-વોટ આપી શકે છે:

રિમોટ ઈ-વોટિંગની શરૂઆત	બુધવાર, 14મી ઓગસ્ટ, 2024 સવારે 9:00 કલાકે.
રિમોટ ઈ-વોટિંગનો અંત	ગુરુવાર, 12મી સપ્ટેમ્બર, 2024 સાંજે 5:00 કલાકે.

તેમના મતનો ઉપયોગ કરવા ઇચ્છતા સભ્યોએ આ સમયગાળા દરમિયાન તેમનો ઇ-વોટ મૂકવો જોઈએ, જે ધ્યાનમાં લેવા માટે પાત્ર છે. ઉલ્લેખિત તારીખ અને સમય પછી દૂરસ્થ ઇ-વોટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં.

જે સભ્યોએ તેમનું ઈમેઈલ સરનામું રજીસ્ટર કરાવ્યું નથી તેઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ (i) ડિપોઝિટરી સહભાગીઓ (ઓ) સાથે જ્યાં તેઓ તેમના ડીમેટ ખાતાઓ જાળવે છે, જો શેર ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં રાખવામાં આવ્યા હોય, અને (ii) વિગતો આપીને એટલે કે કોપી. સભ્યના સરનામાના સમર્થનમાં સભ્યના નામ અને સરનામાનો ઉલ્લેખ કરતો સહી કરેલ વિનંતી પત્ર, પાન કાર્ડની સ્વ-પ્રમાણિત નકલ અને કોઈપણ દસ્તાવેજની સ્વ-પ્રમાણિત નકલ (દા.ત.: ડ્રાઇવિંગ લાઇસન્સ, ચૂંટણી ઓળખ કાર્ડ, પાસપોર્ટ) www.starlineps.com પર, જો શેર ભૌતિક સ્વરૂપમાં રાખવામાં આવ્યા હોય.

ડીમટીરિયલાઈઝ્ડ શેર, ફિઝિકલ શેરમાં શેર ધરાવતા સભ્યો અને જે સભ્યોએ તેમનું ઈમેલ એડ્રેસ રજીસ્ટર કરાવ્યું નથી તેમના દ્વારા ઈ-વોટિંગની રીત પોસ્ટલ બેલેટ નોટિસમાં આપવામાં આવી છે. જે રીતે વ્યક્તિઓ યુઝર આઈડી અને પાસવર્ડ ભૂલી ગયા છે, તે કેવી રીતે મેળવી/જનરેટ કરી શકે છે તે પણ ઉપરોક્ત સૂચનામાં આપવામાં આવ્યું છે.

જો જરૂરી બહુમતી દ્વારા ઠરાવો પસાર કરવામાં આવે તો તે 12મી સપ્ટેમ્બર, 2024ના રોજ પસાર થયા હોવાનું માનવામાં આવશે. ઈ-વોટિંગનું પરિણામ 13મી સપ્ટેમ્બર, 2024ના રોજ અથવા તે પહેલાં જાહેર કરવામાં આવશે અને તે કંપનીની વેબસાઈટ www.starlineps.com and પર પ્રદર્શિત કરવામાં આવશે. એનએસડીએલ. સ્ટોક એક્સચેન્જોને પણ તેની જાણ કરવામાં આવશે. કંપની પોસ્ટલ બેલેટનું પરિણામ તેની રજિસ્ટર્ડ ઓફિસમાં પણ પ્રદર્શિત કરશે.

ઈ-વોટિંગ પર કોઈ પ્રશ્ન હોય તો, સભ્યો https://www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ સભ્યો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને સભ્યો માટે ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકા જોઈ શકે છે અથવા સંપર્ક કરી શકે છે. NSDL evoting@nsdl.co.in પર ઇમેઇલ દ્વારા અથવા 022 - 4886 7000 પર કોલ કરો.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશો દ્વારા
સ્ટારલાઇનપ્સ એન્ટરપ્રાઇઝ લિમિટેડ માટે
શ્વેતકુમાર કોરાડિયા
(ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર) DIN: 03489858

સ્થળ : સુરત
તારીખ : ૧૨/૦૮/૨૦૨૪

SBI — સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા- સિલ્વાસા (૦૬૫૮૬)

નિર્સંગ એપાર્ટમેન્ટ, યોગી હોસ્પિટલ પાસે, સિલ્વાસા.
ઈમેલ: sbi.06586@sbi.co.in

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી અમો નીચે સહી કરનારા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના ધી સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અન્વયે નીમાયેલ સત્તાધીશ અધિકારી છીએ અને સિકયોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ (એન્ફોર્સમેન્ટ) ૨૦૦૨ ના કલમ ૧૩(૨) ના નિયમ ૩ હેઠળ સાથે વાંચતા મળેલ સત્તા અન્વયે તા૦૫/૦૬/૨૦૨૪ ના રોજ કરજદાર શ્રી મિશ્રા સત્યનારાયણ કાંતાપ્રસાદ (કરજદાર) અને શ્રીમતી મિશ્રા સરલાદેવી સત્યનારાયણ (જામીનદાર) ને ડિમાન્ડ નોટીસ પાઠવેલ હતી. સદર નોટીસમાં દર્શાવેલી રકમ રૂા.૨૩,૭૮,૯૧૮/- + વ્યાજ (ચાર્જ) (રૂપિયા તેવીસ લાખ ઈઠ્ઠોતેર હજાર નવસો અઢાર પુરા) + વ્યાજ (ચાર્જ)) જેની સાથે વ્યાજ, ચાર્જીસ, ખર્ચા વિગેરે સહિત આ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરી આપવા જણાવેલ.

કરજદાર સદરહુ રકમ ભરપાઈ કરવા નિષ્ફળ ગયેલ છે. તેથી કરજદારો/જામીનદારો તથા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે, કે અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ મિલ્કત ઉપરોકત કાયદાની કલમ ૧૩(૪) તથા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના નિયમ ૮ હેઠળ મળેલ સત્તા, અન્વયે તારીખ ૦૬/૦૮/૨૦૨૪ ના રોજ સાંકેતિક કબજો લીધેલ છે.

આથી કરજદાર તથા જાહેર જનતાને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, નીચે દર્શાવેલ મિલ્કત માટે કોઈ વ્યવહાર કરવો નહીં. આમ છતાં તે અંગે કોઈ પણ વ્યવહાર કરવામાં આવશે તો તે નોટીસમાં જણાવ્યા મુજબ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, નિર્સંગ એપાર્ટમેન્ટ, યોગી હોસ્પિટલ પાસે, સિલ્વાસાની બાકી લેણી રકમ રૂા.૨૩,૭૮,૯૧૮/- + વ્યાજ (ચાર્જ) (રૂપિયા તેવીસ લાખ ઈઠ્ઠોતેર હજાર નવસો અઢાર પુરા) + વ્યાજ (ચાર્જ)) નોટીસમાં જણાવ્યા મુજબની રકમ અને તેની ભવિષ્યનું વ્યાજ, વિગેરે સહિતની રકમની સંપૂર્ણ ભરપાઈ ન થાય ત્યાં સુધીની બાકી રકમની વસુલાતને આધિન રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે જણાવેલ સમય મર્યાદામાં સેક્શન ૧૩ના સબ સેક્શન ૮ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

મિલકતનું વર્ણન

ફ્લેટ નં. ૧૦૫, બિલ્ડીંગ નં એ, કે.પી. વિહાર, સર્વે નં. ૪૦૦/૧, એસ્સાર પેટ્રોલ પંપ સામે, દાદરા, દાદરા નગર હેવેલી ૩૯૬૨૩૦.

તારીખ : ૦૬/૦૮/૨૦૨૪
સ્થળ :સુરત

અધિકૃત અધિકારી અને મુખ્ય પ્રબંધક,
ભારતીય સ્ટેટ બેંક.

SBI — સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા- સિલ્વાસા (૦૬૫૮૬)

નિર્સંગ એપાર્ટમેન્ટ, યોગી હોસ્પિટલ પાસે, સિલ્વાસા.
ઈમેલ: sbi.06586@sbi.co.in

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી અમો નીચે સહી કરનારા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના ધી સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અન્વયે નીમાયેલ સત્તાધીશ અધિકારી છીએ અને સિકયોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ (એન્ફોર્સમેન્ટ) ૨૦૦૨ ના કલમ ૧૩(૨) ના નિયમ ૩ હેઠળ સાથે વાંચતા મળેલ સત્તા અન્વયે તા૦૫/૦૬/૨૦૨૪ ના રોજ કરજદાર અન્નપુર્ણા એન્ટરપ્રાઈસીસ કરજદાર શ્રી દિપક ચક્રપાણી પાઠક અને શ્રીમતી મિશ્રા સરલાદેવી સત્યનારાયણ (જામીનદાર) ને ડિમાન્ડ નોટીસ પાઠવેલ હતી. સદર નોટીસમાં દર્શાવેલી રકમ રૂા.૧૮,૯૪,૪૩૫/- + વ્યાજ (ચાર્જ) (રૂપિયા અઢાર લાખ ચોરાણુ હજાર ચારસો પાત્રીસ પુરા) + વ્યાજ (ચાર્જ)) જેની સાથે વ્યાજ, ચાર્જીસ, ખર્ચા વિગેરે સહિત આ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરી આપવા જણાવેલ.

કરજદાર સદરહુ રકમ ભરપાઈ કરવા નિષ્ફળ ગયેલ છે. તેથી કરજદારો/જામીનદારો તથા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે, કે અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ મિલ્કત ઉપરોકત કાયદાની કલમ ૧૩(૪) તથા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના નિયમ ૮ હેઠળ મળેલ સત્તા, અન્વયે તારીખ ૦૬/૦૮/૨૦૨૪ ના રોજ સાંકેતિક કબજો લીધેલ છે.

આથી કરજદાર / જામીનદાર તથા જાહેર જનતાને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, નીચે દર્શાવેલ મિલ્કત માટે કોઈ વ્યવહાર કરવો નહીં. આમ છતાં તે અંગે કોઈ પણ વ્યવહાર કરવામાં આવશે તો તે નોટીસમાં જણાવ્યા મુજબ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, નિર્સંગ એપાર્ટમેન્ટ, યોગી હોસ્પિટલ પાસે, સિલ્વાસાની બાકી લેણી રકમ રૂા.૧૮,૯૪,૪૩૫/- + વ્યાજ (ચાર્જ) (રૂપિયા અઢાર લાખ ચોરાણુ હજાર ચારસો પાત્રીસ પુરા) + વ્યાજ (ચાર્જ)) નોટીસમાં જણાવ્યા મુજબની રકમ અને તેની ભવિષ્યનું વ્યાજ, વિગેરે સહિતની રકમની સંપૂર્ણ ભરપાઈ ન થાય ત્યાં સુધીની બાકી રકમની વસુલાતને આધિન રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે જણાવેલ સમય મર્યાદામાં સેક્શન ૧૩ના સબ સેક્શન ૮ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

મિલકતનું વર્ણન

ફ્લેટ નં. ૨૦૨, બીજો માળ, બિલ્ડીંગ નં. બીર, કે.પી. વિહાર, સર્વે નં. ૪૦૦/૧, રામ મંદિર પાસે, એસ્સાર પેટ્રોલ પંપ સામે, દાદરા, દાદરા નગર હેવેલી ૩૯૬૨૩૦.

તારીખ : ૦૬/૦૮/૨૦૨૪
સ્થળ :સુરત

અધિકૃત અધિકારી અને મુખ્ય પ્રબંધક,
ભારતીય સ્ટેટ બેંક.

હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ

HeroHousing Finance

સંપર્ક સરનામુ : ૩૦૯, ત્રીજા માળે, નિશાલ સેન્ટર, નિશાલ સર્કલની નજીક,પાલ, સુરત - ૩૯૫૦૦૯ રજિસ્ટર્ડ ઓફિસ : ૦૯,કમ્યુનિટી સેન્ટર,બસંત લોક,વસંત વિહાર,નવીદિલ્હી - ૧૧૦૦૫૭ ફો.નં. ૦૧૧ ૪૯૨૬૭૦૦૦,ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૧૨૮૮૦૦,ઈમેલ - custmer.care@herohfl.com
Website :www.herohousingfinance.com/ CIN : U6519DL2016PLC30148

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

[પરીશિષ્ટ ૪ સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૧)]

આથી નીચે સહી કરનાર આથી નીચે સહી કરનાર હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ (એચએચએફએલ) ના અધિકૃત અધિકારીને સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના ખંડ ૧૩ (૧૨) અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૩ને વંચાણે લીધા બાદ મળેલા અધિકારો મુજબ નીચે જણાવેલા દેવાદાર (રો)ને તેમના છેલ્લા જાણીતા સરનામે ડીમાન્ડ નોટીસ મોકલવામાં આવી હતી અને નોટીસમાં નીચે જણાવેલ બાકી લેણી રકમ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદાર રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી દેવાદારને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે નીચે જણાવેલી મિલકતોનો કબજો કથિત એકટના ખંડ ૧૩(૪) અને કથિત રૂલ્સના રૂલ ૮ હેઠળ પ્રાપ્તઅધિકારો હેઠળ લીધો છે.

દેવાદારને ખાસ તથા જાહેર જનતાને આથી ચેતવણી આપવામા આવે છે કે આ મિલકતો હવેથી હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિ.ના બાકી લેણી રકમ અને વ્યાજ તથા દંડાત્મક વ્યાજ,ખર્ચ અને કિંમત તેની સામે દર્શાવેલી તારીખથી તાબા હેઠળ હોઈ એનો કોઈપણ રીતે સોદો કરી શકાશે નહીં.

આથી કથિત એકટના ખંડ ૧૩ના પેટા ખંડ (૮) હેઠળની જોગવાઈ તરફ દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે કે તમની પાસે ગીરો મિલકત છોડાવવાનો હજુ સમય છે.

લોન ખાતા નંબર	દેવાદાર(રો)/ કાનૂની વારસદાર(રો)/ કાનૂની પ્રતિનિધી(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસની તારીખ / ડીમાન્ડ નોટીસ મુજબ બાકી રકમ	કબજાની તારીખ (વાસ્તવિક/સાંકેતિક)
HHFSURHOU 23000037840 HHFSURIPL 23000037841	વિજેન્દ્ર તે તારાચંદ નો પુત્ર,મિના તે વિજેન્દ્રની પત્ની	૧૫-૦૩- ૨૦૨૪ રૂ.૧૧,૮૪,૭૯૭/- ૧૫/૦૩/૨૦૨૪ ના રોજ	૧૦-૦૮-૨૦૨૪ (વાસ્તવિક)

સલામત સંપત્તિ/સ્થાવર મિલકતો/ગીરો મુકેલી મિલકતોનું વર્ણન :તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી સ્થાવર રહેણાંક પ્લોટ નં.૧૯૮,બુકિંગ પ્લાન મુજબ ક્ષેત્રફળ ૪૯.૩૩ ચો.મી. (કેજેપી મુજબ બ્લોક/સર્વે નં.૧૮૪/૧૯૮) ક્ષેત્રફળ ૪૧.૨૮ ચો.મી.બાંધકામ સાથે ની સાથે શ્રી વલ્લભ રેસિડેન્સીની રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો સપ્રમાણ ભાગ,રે.સ.નં.૧૪૬/૨,૧૪૯,બ્લોક નં.૧૭૦ (મેળવણી બાદ નવો બ્લોક નં.૧૮૪) **ક્ષેત્રફળ અંદાજે ૩-૭૭-૨૩ ચો.મી. ગામ હલધરૂ,પેટા જિ.કામરેજ, જિ.સુરત,ગુજરાત સાથે ટાઈટલ દસ્તાવેજ મુજબની તમામ કોમન સુવિધાઓ ચતુઃસીમા :પૂર્વે :** લાગુ પ્લોટ નં.૧૭૩, **પશ્ચિમેઃ** લાગુ સોસાયટીનો આંતરીક રોડ, **ઉત્તરે :** લાગુ પ્લોટ નં.૧૯૯, **દક્ષિણેઃ** લાગુ પ્લોટ નં.૧૯૭

તારીખઃ ૧૩-૦૮-૨૦૨૪
સ્થળ : સુરત

સહી/-અધિકૃતઅધિકારી
વતિ, હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

આદર્શ સોસાયટી શાખા, પંચવટી એપાર્ટમેન્ટ,-2,
આદર્શ સોસાયટી પાસે, સુરત-395007. ફોન : 0261-2669062,
ઈ-મેલ : savsur@bankofbaroda.com

લેણદારને નોટીસ | (જે સરફેસી એક્ટ, 2002ના કલમ 13ના પેટા વિભાગ (2) હેઠળ) | તા. 30-07-2024

પ્રતિ,
શ્રી મહેન્દ્રભાઈ ભાઈલાલભાઈ પરમાર, શ્રીમતી સીમાબેન મહેન્દ્રભાઈ પરમાર
સરનામું : G-2, મોરલી રેસીડેન્સી, ગાંડાકાકાના ફાફડા પાસે, બંદુગરા નાકા, રૂઘનાથપુરા, લાલ દરવાજા, સુરત.

વિષય : સિક્યુરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ના સેક્શન 13(2) હેઠળના કાયદા હેઠળ. (હવે પછી અહીં નિયમ કહેવાશે). એકાઉન્ટ નામે **શ્રી મહેન્દ્રભાઈ ભાઈલાલભાઈ પરમાર અને શ્રીમતી સીમાબેન મહેન્દ્રભાઈ પરમાર.**

અગાઉ બેંકના AO એ તમને સિક્યોરિટાઇઝેશન એક્ટ-2002ના 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી છે. જો કે, બેંકના સક્ષમ સત્તાધિકારીએ તમને અગાઉ જારી કરાયેલ ડિમાન્ડ નોટિસ (જો કોઈ હોય તો) પાછી ખેંચી લેવાનો નિર્ણય લીધો છે અને અધિનિયમ-2002 હેઠળ નવા પગલાં શરૂ કરવાની સ્વતંત્રતા સાથે સિક્યોરિટાઇઝેશન એક્ટ-2002 ની જોગવાઈ હેઠળ કાયદા અનુસાર તમારી સામે બેંક દ્વારા આગળની તમામ પરિણામી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

સર/મેડમ,
સંદર્ભ :અમારી આદર્શ સોસાયટી શાખા સાથે ક્રેડિટ સુવિધા.

1. અમે અમારા પત્ર નં.BOB/ADV/06/7399, તારીખ 04-09-2017 અનુક્રમે નો સંદર્ભ લઈએ છીએ જેમાં વિવિધ ક્રેડિટ સુવિધાઓ અને મંજૂરીની શરતોની મંજૂરી આપવામાં આવી છે. ઉપરોક્ત મંજૂરીના અનુસંધાનમાં તમે ધિરાણ સુવિધાઓનો લાભ લીધો છે અને તેના માટે સુરક્ષા પ્રદાન કર્યા પછી તેનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે, જેમ કે પછીથી જણાવ્યું છે. વિવિધ લોન/ક્રેડિટ ફેસિલિટી એકાઉન્ટ્સમાં વર્તમાન બાકી છે અને આવી જવાબદારી માટે બનાવેલા સુરક્ષા હિત નીચે મુજબ છે:

આપેલી સુવિધાનો પ્રકાર	લીમીટ	વ્યાજનો દર	તા.21-07-2024 ના રોજ બાકી રકમ (તા.21-07-2024 સુધીના વ્યાજ સહિત)	સિક્યોરિટીઝના ટૂંકા વર્ણન સાથે સીક્યોરીટી કરાર
મોર્ટગેજ લોન એકાઉન્ટ નં. 26470600007399	રૂા.9,95,000.00	8.15%	રૂા.7,84,994.54 + વ્યાજ + અન્ય ચાર્જીસ	નીચે જણાવ્યા મુજબ
કુલ	રૂા.9,95,000.00		રૂા.7,84,994.54	

કોલેટ્રલ સિક્યુરિટી : તમામ ભાગ અને હિસ્સા સહિત મિલકત, સર્વે નં. 1709/15/A થી 1709/15/E, 2737/A અને 2737/B, ફ્લેટ નં. G/2, માપ આશરે 461.03 ચો.ફુટ યાને 42.84 ચો.મી. બિલ્ટ અપ એરિયા અપર ગ્રાઉન્ડ ફ્લોર પર, મોરલી રેસીડેન્સી, (કથિત મિલકત SMC રેકોર્ડ પ્રમાણે ટેનામેન્ટ06B-17-4035-0-001 તરીકે ઓળખાય છે), કથિત બિલ્ડીંગની જમીનમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, સિટી સર્વે નોંધ નં. 1709/15/A થી 1709/15/E, 2737/A અને 2737/B ઉપર બંધાયેલ, સિટી સર્વે વોર્ડ નં. 6, બંદુગરા નાકા, રૂઘનાથપુરા, સુરત.

2) તા.13-06-2024ના દેવાની સ્વીકૃતિના પત્રમાં (મોર્ટગેજ લોન એકાઉન્ટ નંબર 26470600007399 માટે)તમે બેંક પ્રત્યે તમારી મોર્ટગેજ લોન માટે તા.13-06-2024 ના રોજ રૂ.9.95 લાખની જવાબદારી સ્વીકારી છે, ઉપર જણાવેલ બાકીમાં તા.21-07-2024 સુધીના વધુ ડ્રોઈંગ અને વ્યાજનો સમાવેશ થાય છે.
3) જેમ તમે જાણો છો, તમે તારીખ તા.21-07-2024 માટે ઉપરોક્ત લોન/બાકીના વ્યાજની ચુકવણીમાં ડિફોલ્ટ્સ કર્યા છે. તમે ટર્મ લોન/ડિમાન્ડ લોનના હપ્તાઓની ચુકવણીમાં પણ ડિફોલ્ટ થયા છો જે તા.16-10-2023 અને ત્યાર બાદ ચૂકવણી માટે બાકી છે.
4) તમારા દ્વારા કરવામાં આવેલ ડિફોલ્ટના પરિણામે, તમારા લોન એકાઉન્ટને તા.14-11-2023 ના રોજ ભારતીય રિઝર્વ બેંકના નિર્દેશો અને માર્ગદર્શિકા અનુસાર નોન-પર્ફોર્મિંગ એસેટ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. અમારી વારંવારની વિનંતીઓ અને માંગણીઓ છતાં તમે તેના પર વ્યાજ સહિત મુદતવીતી લોનની ચૂકવણી કરી નથી.
5) ઉપરોક્ત ફકરા 1માં ઉલ્લેખિત વિવિધ સિક્યોરીટીઝ દ્વારા મેળવેલ ક્રેડિટ સુવિધાઓના સંદર્ભમાં તમારી જવાબદારી પુરી પાડવામાં અસમર્થ નિવડ્યા હોવાથી અને તમારા એકાઉન્ટના નોન પર્ફોર્મીંગ એસેટ્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હોવાથી અમે અહીં તમને સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002ની કલમ 13ની પેટા કલમ (2) હેઠળ તમને નોટીસ આપીને ઉપરોક્ત ફકરા 1માં જણાવેલ બેંકની બાકી રકમ રૂા.7,84,994.54 (અંકે રૂપિયા સાત લાખ ચોર્યાસી હજાર નવ સો ચોરાણું અને ચોપ્પન પૈસા પૂરા) આ નોટીસ પ્રાપ્તીથી 60 દિવસની અંદર ચુકવીને તમને નાણાકીય જવાબદારીઓ અદા કરવાનું જણાવવામાં આવે છે. અમે તમને વધુમાં નોટીસ આપી જણાવીએ છીએ કે ચુકવણી તારીખ સુધી વ્યાજ સહિતની બાકીની રકમ ચુકવણીમાં કસુર થશે તો ધારાની કલમ 13ની પેટા કલમ 4 હેઠળના તમામ કે કોઈ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે જેની નોંધ લેવા વિનંતી.
6) મહેરબાની કરીને નોંધ લેવી કે, પુરી રકમ ચુકવવામાં નહીં આવે તો ત્યાં સુધી દરેક ક્રેડિટ સુવિધા માટે ફકરા-1માં જણાવ્યા પ્રમાણે દરે વ્યાજ ચઢવાનું ચાલુ રહેશે.
7) અમે તમારું ધ્યાન આ ધારાની પેટા કલમ 13 તરફ દોરીએ છીએ. જેની પરીભાષાઓ તમારી પર ફકરા-1માં જણાવેલ વેચાણ, લીઝ કે અન્ય રીતે સુરક્ષિત નામાંતરણ કરવાનો તમારા પર પ્રતિબંધ મુકવામાં આવે છે (સામાન્ય વ્યવસાય સિવાય). જેના માટે અમારી પૂર્વ મંજૂરી લેવાની રહેશે. વધુમાં એવું જણાવીએ છીએ કે આ ધારાની કલમ 13(13)માં જણાવ્યા પ્રમાણેની જોગવાઈઓનું પાલન ન કરવું એ આ ધારાની કલમ 29 હેઠળ દંડનીય અપરાધ છે.
8) અમે તમને જણાવીએ છીએ તમારું ધ્યાન કલમ 13ની પેટા કલમ 8 તરફી દોરીએ છીએ જેમાં સુરક્ષિત મિલકત જે ટાંચમાં લીધેલી છે તમામ બાકી રકમ, તમામ ખર્ચાઓ સહિત બેંકની બાકી છે તે કોઈપણ સમયે અથવા જાહેરાતમાં પ્રસિદ્ધ થયેલ તારીખના પહેલા જાહેર હરાજી/ક્વોટેશન મંગાવીને/ટેન્ડર મંગાવીને કે ખાનગી રાહે સોદો કરીને આવી સુરક્ષિત મિલકત રીડીમ કરાવી શકશો. એ વાતની નોંધ લેશો કે ઉપર મુજબ નોટિસ જાહેર થયાના સુરક્ષિત મિલકત રીડીમ કરવાનો તમારી પાસે કોઈ અધિકાર રહેશે નહીં.
9) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને અમારા અમર્યાદિત અધિકાર કે ઉપાયના માંડવાળ તરીકે ગણવામાં આવશે તેથી આ અંગે વધુ માંગ કરીશું જ્યાં સુધી પુરે પુરી રકમ ચુકવાઈ ન જાય.

આપનો વિશ્વાસુ,
મુખ્ય પ્રબંધક, અધિકૃત અધિકારી.

સ્થળ : સુરત | **તા. 30-07-2024**

TATA — ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

રજિ.ઓફિસ : ૧૧મા માળે, ટાવર - એ, પેનીસ્યુલા બિઝનેસ પાર્ક, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩.
બ્રાન્ચનું સરનામુંઃ ઓફિસ નં.૨૦૮ થી ૨૧૨, બીજા માળે, ઈકો ફુટુર્ઝ, ખાટુ શ્યામજી મંદિરની નજીક, ન્યુ સીટી લાઈટ રોડ, સુરત - ૩૯૫૦૦૭

સ્થાવર મિલકતના વેચાણ માટેની જાહેર નોટીસ

(સિક્યુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૯(૧) અંતર્ગત)

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એક્ટ) સાથે વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૯(૧) અંતર્ગત સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-ઓકશન નોટીસ

આથી જાહેરજનતાને અને ખાસ કરીને નીચે જણાવેલા દેવાદાર અને /સહ દેવાદાર અથવા તેમના કાનૂની વારસદારો/પ્રતિનિધિઓ (દેવાદારો) જેમની નીચે જણાવેલ સ્થાવર મિલકત જે ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિ.(ટીસીએચએફએલ) પાસે ગીરો મુકેલ હતી,જેનો વાસ્તવિક કબજો ટીસીએચએફએલના અધિકૃત અધિકારીએ લીધેલ છે ,જેનું વેચાણ **૨૩-૦૭-૨૦૨૪** ના રોજ **'જેમ છે જ્યાં છે' અને જે છે' અને 'જે છે તે છે' અને 'ગમે ત્યાં હોય'** ના ધોરણે નીચે જણાવેલા દેવાદારો અને સહદેવાદારોના બાકી લેણાની વસુલાત માટે કરવામાં આવનાર છે.અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટની જાણકારી નીચે મુજબ છે.આથી નોટીસ આપવામાં આવે છે કે કોઈ પણ સ્થગિતકરવાના/વેચાણ બંધ કરવાના નર્ણયિની ગેરહાજરીમાં ઉકત સંપત્તિ/મિલકતનું ઈ - ઓકશન દ્વારા **૨૩-૦૭-૨૦૨૪** ના રોજ બપોરે ૦૨.૦૦ વાગ્યે કરવામાં આવશે. ઈ -ઓકશનમાં ભાગ લેવા માટે બીડરોએ સીલ્ડ કવરમાં ઈએમડીની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ ટીસીએચએફએલનાઅધિકૃત અધિકારીને **૨૨-૦૭-૨૦૨૪**ના સાંજે ૫.૦૦ કલાક સુધીમાં ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ લિ.નીબ્રાન્ચ સરનામુંઃ ઓફિસ નં.૨૦૮ થી ૨૧૨,બીજા માળે ,ઈકો ફુટુર્ઝ,ખાટુ શ્યામજી મંદિરની નજીક,ન્યુ સીટી લાઈટ રોડ,સુરત - ૩૯૫૦૦૭ ખાતે પહોંચાડવાનું રહેશે.ગીરો સ્થાવર મિલકતનું વેચાણ ' જયાં જે સ્થિતિમાં છે 'ના ધોરણે થશે જેની વિગતો નીચે જણાવ્યા મુજબની છે :

<table>
<tr><th>અ. નં.</th><th>લોન ખાતા નં.</th><th>દેવાદાર(રો), સહ દેવાદાર (રો), કાનૂની વારસદાર(રો), કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ</th><th>ડીમાન્ડ નોટીસ મુજબની બાકી રકમ અને ડીમાન્ડ નોટીસની તારીખ</th><th>અનામત કિંમત</th><th>અર્નેસ્ટ મની</th><th>કબજાનો પ્રકાર</th></tr>
<tr><td>1</td><td>TCHIN021600010009 8411 & 9872712</td><td>નાગારામભાઈ પોલારામભાઈ, મોકીબેન નાગારામભાઈ પઢિયાર</td><td>રૂ. 7,53,407/- (રૂપિયા સાત લાખ ત્રેપન હજાર ચારસો સાત પૂરા) બાકી, લોનખાતા નં. 9872712 ના અને રૂ. 4,02,260/- (રૂપિયા ચાર લાખ બે હજાર બસો સાંઈઠ પૂરા) બાકી, લોનખાતા નં. TCHIN0216000100098411ના મળીને કુલ રૂ. 11,55,667/- (રૂપિયા અગિયાર લાખ પંચાવન હજાર છસો સડસઠ પૂરા) તા. 16-10-2023</td><td>Rs. 7,00,000/- (રૂપિયા સાત લાખ પૂરા)</td><td>Rs.70,000/- (રૂપિયા સિત્તેર હજાર પૂરા)</td><td>વાસ્તવિક</td></tr>
<tr><td colspan="7">મિલકતનું વર્ણનઃ તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત પ્લોટ નં. 253 (સ્થળ મુજબ પ્લોટ નં. 683), કેજેપી મુજબ ક્ષેત્રફળ 40.18 ચોમી અને સ્થળ મુજબ ક્ષેત્રફળ 40.13 ચો.મી અથવા 48 ચો.વારની સાથે 24.97 ચોમી ગોકુલધામ રેસિડેન્સીની રોડ અને સીઓપીની અવિભાજીત જમીનનો સપ્રમાણ ભાગ તથા આંતરિક અને બાહ્ય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુ માટેની બિનખેતી જમીન ખાતા નં. 2178, બ્લોક નં. 286/સી, રે.સ.નં. 360/1એ, 360/2, 343/1 ક્ષેત્રફળ 22,594 ચોમી, આકાર રૂ. 2259.40 પૈસા,મોજે ગામ તાતીથૈયા, તા. પલસાણા, જી. સુરત. ચતુર્સીમાઃ પૂર્વેઃ લાગુ પ્લોટ નં. 690, પશ્ચિમેઃ લાગુ સોસાયટીનો રોડ, ઉત્તરેઃ લાગુ પ્લોટ નં. 682, દક્ષિણેઃ લાગુ પ્લોટ નં. 684.</td></tr>
<tr><td>2</td><td>10003690 & 10407264 & TCHIN021600 0100086820 & TCHIN021600 0100146602</td><td>રાધા વાસુદેવ પાટીલ, વાસુદેવ ગુલાબ પાટીલ</td><td>રૂ. 4,63,762/- (રૂપિયા ચાર લાખ ત્રેંસઠ હજાર સાતસોબાંસઠ પૂરા) બાકી, લોનખાતા નં. TCHIN0216000100146602ના અને રૂ.3,62,377/- (રૂપિયા ત્રણ લાખ બાંસઠ હજાર ત્રણસો સિત્તોતે પૂરા) બાકી, લોનખાતા નં. TCHIN0216000100086820અને રૂ. 1,74,002/- (રૂપિયા એક લાખ ચુંમોત્તેર હજાર બે પૂરા) લોનખાતા નં. 10407264 ના મળીને કુલ રૂ. 16,03,051/- (રૂપિયા સોળ લાખ ત્રણ હજાર એકાવન પૂરા) તા. 13-10-2023</td><td>Rs. 7,00,000/- (રૂપિયા સાત લાખ પૂરા)</td><td>Rs. 70,000/- (રૂપિયા સિત્તેર હજાર પૂરા)</td><td>વાસ્તવિક</td></tr>
<tr><td colspan="7">મિલકતનું વર્ણનઃ તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત ફ્લેટ નં. 107, પહેલા માળે, બિલ્ડીંગ નં. બી, બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ 475 ચો.ફૂટ અથવા 44.12 ચોમી અનેસુપર બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ 729.00 ચો.ફૂટ અથવા 67.72 ચોમીની સાથેગ્રીનવેલી રેસિડેન્સીની અવિભાજીત જમીનનો સપ્રમાણ ભાગ તથા આંતરિક અને બાહ્ય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુ માટેની બિનખેતી જમીન બ્લોક નં. 188, ક્ષેત્રફળ 3947 ચોમી, મોજે ગામ ચલથાણ, તા. પલસાણા, જી. સુરત. ચતુર્સીમાઃ પૂર્વેઃ લાગુ ફ્લેટ નં. 106, પશ્ચિમેઃ લાગુ ખૂલ્લી જગ્યા, ઉત્તરેઃ લાગુ ફ્લેટ નં. 108, દક્ષિણેઃ લાગુ ખૂલ્લી જગ્યા.</td></tr>
<tr><td>3</td><td>10252220 & TCHIN021600 0100062235</td><td>સંજયભાઈ કાળુભાઈ લિંબાણી, લાભુબેન કાળુભાઈ લિંબાણી, નારણભાઈ કાળુભાઈ લિંબાણી</td><td>રૂ. 10,96,628/- (રૂપિયા દસ લાખ છન્નુ હજાર છસ્સો અઠ્ઠાવીસ પૂરા) બાકી, લોનખાતા નં. 10252220ના અને રૂ. 1,36,161/- (રૂપિયા એક લાખ છત્રીસ હજાર એકસો અડસઠ પૂરા) બાકી, લોનખાતા નં. TCHIN0216000100062235 ના મળીને કુલ રૂ. 12,32,789/- (રૂપિયા બાર લાખ બત્રીસ હજાર સાતસો નેવ્યાસી પૂરા) તા. 13-10-2023</td><td>Rs. 5,75,000/- (રૂપિયા પાંચ લાખ પંચોતેર હજાર પૂરા)</td><td>Rs. 57,500/- (રૂપિયા સત્તાવન હજાર પાંચસો પૂરા)</td><td>વાસ્તવિક</td></tr>
<tr><td colspan="7">મિલકતનું વર્ણનઃ તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત ફ્લેટ નં. 306, ત્રીજા માળે, સુપર બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ 963.57 ચો.ફૂટ અથવા 89.52 ચોમી અને બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ 619.45 ચો.ફૂટ અથવા 57.55 ચોમીની સાથે માનસરોવર રેસિડેન્સી, બિલ્ડીંગ નં. સી-17ની અવિભાજીત જમીનનો સપ્રમાણ ભાગ તથા આંતરિક અને બાહ્ય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુ માટેની બિનખેતી જમીન રે.સ.નં. 683, બ્લોક નં. 550/એ, ક્ષેત્રફળ હે. 7-38-13 ચોમી, આકાર રૂ. 29.89 પૈસા, મોજે ગામ કઠોર, તા. કામરેજ, જી. સુરત, ગુજરાત.
ચતુર્સીમાઃ પૂર્વેઃ લાગુ સોસાયટીનો રોડ, પશ્ચિમેઃ લાગુ બિલ્ડીંગ નં. ડી-22ની મિલકત, ઉત્તરેઃ લાગુ બિલ્ડીંગ નં. ડી-16ની મિલકત, દક્ષિણેઃ લાગુ બિલ્ડીંગ નં. ડી-18ની મિલકત.</td></tr>
<tr><td>4</td><td>TCHHL02160 00100084535</td><td>રઘુનાથ દશરથ પગાર, સુનંદા રઘુનાથ પગાર</td><td>Rs. 19,25,338/- (રૂપિયા ઓગણીસ લાખ પચ્ચીસ હજાર ત્રણસો આડત્રીસ પૂરા) 09-09-2023</td><td>Rs. 15,00,000/- (રૂપિયા પંદર લાખ પૂરા)</td><td>Rs. 1,50,000/- (રૂપિયા એક લાખ પચાસ હજાર પૂરા)</td><td>વાસ્તવિક</td></tr>
<tr><td colspan="7">મિલકતનું વર્ણનઃ તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત પ્લોટ નં. 138, કેજેપી મુજબ ક્ષેત્રફળ 40.18 ચોમી અને સ્થળ મુજબક્ષેત્રફળ 40.13 ચો.મી અથવા 48 ચો.વાર અને પ્લોટ નં. 139, કેજેપી મુજબ ક્ષેત્રફળ 40.18 ચોમી અને સ્થળ મુજબ 40.13 ચોમી અથવા 48 ચો.વારની સાથે ગોકુલધામ લેકસિટીની અવિભાજીત જમીનનો સપ્રમાણ ભાગ તથા આંતરિક અને બાહ્ય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુ માટેની બિનખેતી જમીન બ્લોક નં. 149, રે.સ.નં. 81, કુલ ક્ષેત્રફળ 18,312 ચોમી, આકાર રૂ. 26.62 પૈસા, મોજે ગામ સાંકી, તા. પલસાણા, જી. સુરત, ગુજરાત.
ચતુર્સીમાઃ પૂર્વેઃ પ્લોટ નં. 168 અને 169, પશ્ચિમેઃ લાગુ સોસાયટીનો રોડ, ઉત્તરેઃ પ્લોટ નં. એ-138, 38, દક્ષિણેઃ પ્લોટ નં. 139, 140.</td></tr>
<tr><td>5</td><td>TCHHF02160 00100074940</td><td>રાજારામભાઈ સીતારામભાઈ રામ ભાગરતિદેવી રાજારામ રામ</td><td>Rs. 15,34,095/- (રૂપિયા પંદર લાખ ચોંત્રીસ હજાર પંચાણુ પુરા) 15-11-2023</td><td>Rs. 20,00,000/- (રૂપિયા વીસ લાખ પુરા)</td><td>Rs. 2,00,000/- (રૂપિયા બે લાખ પુરા)</td><td>વાસ્તવિક</td></tr>
<tr><td colspan="7">સ્થાવર મિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગોની બનેલી સ્થાવર મિલકત દુકાન નં.૯,ગ્રાઉન્ડ ફ્લોર ક્ષેત્રફળ ૨૨.૪૮ ચો.મી. બિલ્ટઅપ એરિયા ની સાથે પ્રમુખ હાઈટસ બિલ્ડીંગ નં.-સીનીઅવિભાજિત જમીનનો ભાગ તથા આંતરીક અને બાહય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુની બિનખેતી જમીન ,બ્લોક નં.૪૫૦-૩, બ્લોક નં.૭૩૯ ક્ષેત્રફળ ૯૧૦૬ ચો.મી., ટીપી સ્કીમ નં.૬૬ (કોસાડ-વરીયાવ), ફા.પ્લોટ નં.૨૦૧, ક્ષેત્રફળ ૬૩૭૪ ચો.મી. મોજે કોસાડ, તા. સુરત સીટી, સુરત, ગુજરાત ચતુઃસીમા : પૂર્વે : લાગુ બિલ્ડીંગ નં.ડી,પશ્ચિમેઃ લાગુ બિલ્ડીંગ નં.બી,ઉત્તરેઃ લાગુ રોડ,દક્ષિણેઃ લાગુ ખુલ્લી જગ્યા</td></tr>
<tr><td>6</td><td>10080892</td><td>રાજેન્દ્ર પુંડલિક પવાર, અનિતા રાજેન્દ્ર પવાર, રાજેન્દ્રભાઈ મોરે</td><td>Rs. 9,10,468/- (રૂપિયા નવ લાખ દસ હજાર ચારસો અડસઠ પૂરા) 12-10-2023</td><td>Rs.6,95,000/- (રૂપિયા છ લાખ પંચાણું હજાર પૂરા)</td><td>Rs.69,500/- (રૂપિયા ઓગણાસિત્તેર હજાર પાંચસો પૂરા)</td><td>વાસ્તવિક</td></tr>
<tr><td colspan="7">મિલકતનું વર્ણનઃ તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત પ્લોટ નં. 479 (કેજેપી મુજબ બ્લોક નં. 369/479), ક્ષેત્રફળ 48.00 ચો.વાર અથવા 40.15 ચોમીની સાથે 21.20 ચોમી રાહી ટાઉનિશિપ ભાગ-1ની અવિભાજીત જમીનનો સપ્રમાણ ભાગ તથા આંતરિક અને બાહ્ય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુ માટેની બિનખેતી જમીન ખાતા નં. 1149, રે.સ.નં. 352, 353, 354, બ્લોક નં. 369, ક્ષેત્રફળ હે-આરે 3-30-59 ચોમી અથવા 33059 ચોમી, મોજે ગામ કારેલી, તા. પલસાણા, જી. સુરત.
ચતુર્સીમાઃ પૂર્વેઃ લાગુ બ્લોક, પશ્ચિમેઃ લાગુ સોસાયટીનો રોડ, ઉત્તરેઃ લાગુ પ્લોટ નં. 478, દક્ષિણેઃ લાગુ પ્લોટ નં. 480.</td></tr>
<tr><td>7</td><td>10212516</td><td>રવિકુમાર જયહીંદ પંડીત, લક્ષ્મીદેવી રવિકુમાર પંડીત</td><td>Rs. 10,43,845/- (રૂપિયા દસ લાખ તેતાલીસ હજાર આઠસો પિસ્તાલીસ પુરા) 16-12-2023</td><td>Rs. 7,00,000/- (રૂપિયા સાત લાખ પુરા)</td><td>Rs.70,000/- (રૂપિયા સિત્તેર હજાર પુરા)</td><td>વાસ્તવિક</td></tr>
<tr><td colspan="7">સ્થાવર મિલકતનું વર્ણન : તમામ અધિકારો,ખંડ અને અખંડિત ભાગોની બનેલી સ્થાવર મિલકતમંજુર પ્લાન મુજબ પ્લોટ નં. ૨૪૩ અને સ્થળ મુજબ પ્લોટ નં.૬૭૩-એ કેજેપી મુજબ ક્ષેત્રફળ ૪૦.૧૮ ચો.મી. અને સ્થળ મુજબ ૪૮ ચો.વાર ની સાથે ૨૪.૯૭ ચો.મી. ' ગોકુલધામ રેસિડેન્સી'નીરોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો હિસ્સો બિનખેતી જમીન ,બ્લોક નં.૨૮૬/સી, રે.સ.નં.૩૬૦/૧એ, ૩૬૦/૨, ૩૪૩/૧ ક્ષેત્રફળ ૨૨૫૯૪ ચો.મી.,આકાર રૂ.૨૨૫૯.૪૦ પૈસા,મોજે ગામ તાતીથૈયા,તા.પલસાણા, જિ. સુરત ચતુઃસીમાઃ પૂર્વે : લાગુ પ્લોટ નં.૬૯૯,પશ્ચિમેઃ લાગુ સોસાયટીનો રોડ,ઉત્તરેઃલાગુ પ્લોટ નં.૬૭૩,દક્ષિણેઃલાગુ પ્લોટ નં.૬૭૪</td></tr>
<tr><td>8</td><td>10053201</td><td>શ્રીમતી સુનિતા દામડુ, શ્રી સચીન બંસીલાલ દગડુ</td><td>Rs. 7,44,526/- (રૂપિયા સાત લાખ ચુમ્માલીસ હજાર પાંચસો છવ્વીસ પુરા) 15-12-2023</td><td>Rs.7,90,000/- (રૂપિયા સાત લાખ નેવુ હજાર પુરા)</td><td>Rs.79,000/- (રૂપિયા ઓગણાએંસી હજાર પુરા)</td><td>વાસ્તવિક</td></tr>
<tr><td colspan="7">સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકત/ગિરોમિલકતનું વર્ણન : તમામ અધિકારો,ખંડ અને અખંડિત ભાગોની બનેલી સ્થાવર મિલકતપ્લોટ નં.૭૯(કેજેપી મુજબ બ્લોક નં.૩૬૯/૭૯) ક્ષેત્રફળ ૪૮ ચો.વાર અથવા ૪૦.૧૫ ચો.મી. ની સાથે' રાઠી ટાઉનશીપ વિ.-૧ 'ની નીચેની અવિભાજિત જમીનનો સપ્રમાણ હિસ્સો અને બિલ્ડીંગના આંતરીક અને બાહય ઉપયોગના અધિકારો જે બિનખેતી જમીન પર રહેણાંક હેતુ માટેનું બાંધકામ,ખાતા નં.૧૧૪૯,સ.નં.૩૫૨,૩૫૩,૩૫૪ મળી કુલ ક્ષેત્રફળ ૩૩૦૫૯ ચો.મી.,મોજે ગામ કારેલી,પેટા જિ.પલસાણા,જિ. સુરત ગુજરાત ચતુઃસીમા : પૂર્વે : લાગુ પ્લોટ નં.૫૦, પશ્ચિમે : લાગુ સોસાયટીનો રોડ, ઉત્તરેઃ લાગુ પ્લોટ નં.૭૮, દક્ષિણે : લાગુ પ્લોટ નં.૮૦</td></tr>
<tr><td>9</td><td>10388013</td><td>શ્રી અનિલ શાંતિલાલ પાટીલ (દેવાદાર), શ્રીમતી હીરાબેન શાંતિલાલ પાટીલ (સહ દેવાદાર)</td><td>Rs. 13,09,701/- (રૂપિયા તેર લાખ નવ હજાર સાતસો એક પુરા) 16-12-2019</td><td>Rs.4,30,000/- (રૂપિયા ચાર લાખ ત્રીસ હજાર પુરા)</td><td>Rs.43,000/- (રૂપિયા તેતાલીસ હજાર પુરા)</td><td>વાસ્તવિક</td></tr>
<tr><td colspan="7">સ્થાવર મિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગ ધરાવતી કથિત સ્થાવર મિલકત ફ્લેટ નં.૫૦૨,પાંચમા માળે, ક્ષેત્રફળ ૬૩૭ ચો.ફૂટ અથવા ૫૯.૨૦ ચો.મી.ની સાથે ૪૦.૫૯ ચો.મી. હરી કૃષ્ણા રેસીડેન્સી ની બિલ્ડીંગ નં.એમ ની અવિભાજિત જમીનનો સપ્રમાણ ભાગ તથા આંતરીક અને બાહય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુ માટેની બિનખેતી જમીન, બ્લોક નં.૩૩૮/બી, ક્ષેત્રફળ ૧૯૨૩૩ ચો.મી.મોજે ગામ ઉમરા, પેટા જિ.તા. ઓલપાડ, જિ.સુરત ગુજરાત ચતુઃસીમા : પૂર્વેઃ બ્લોક નં.૩૩૯, પશ્ચિમેઃ બ્લોક નં. ૩૩૮/એ, ઉત્તરેઃ બ્લોક નં.૩૩૭, દક્ષિણેઃ લાગુરોડ</td></tr>
<tr><td>10</td><td>10289556</td><td>સુનિલકુમાર શ્રીપરમેશ્વર સૈની, તમન્ના સુનિલ સૈની</td><td>Rs. 8,14,247/- (રૂપિયા આઠ લાખ ચૌદ હજાર બસ્સો સુડતાલીસ પુરા) & 12-10-2023</td><td>Rs.9,90,000/- (રૂપિયા નવ લાખ નેવુ હજાર પુરા)</td><td>Rs.99,000/- (રૂપિયા નવ્વાણું હજાર પુરા)</td><td>વાસ્તવિક</td></tr>
<tr><td colspan="7">સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકત/ગિરોમિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગની સ્થાવર મિલકતફ્લેટ નં.બી-ર-૨૦૨,ક્ષેત્રફળ ૬૫૦.૦૦ ચો. ફૂટ અથવા ૬૦.૪૦ ચો.મી. બીજા માળેની સાથે સ્વસ્તીક સંકુલની અવિભાજિત જમીનનો ૧૦.૦૦ ચો.મી. ભાગ તથા આંતરીક અને બાહય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુની બિનખેતી જમીન સ.નં.૨૩૮/૧/પૈકી ૧ ક્ષેત્રફળ ૮૦૧૧ ચો.મી. ગામ બલિઠા,તા.વાપી,જિ.વલસાડ ચતુઃસીમાઃ પૂર્વેઃ ખુલ્લી જગ્યા, પશ્ચિમેઃ પેસેજ, ઉત્તરેઃ ખુલ્લી જગ્યા, દક્ષિણેઃ ફ્લેટ નં.બી-ર-૨૦૩</td></tr>
</table>

આથી સામાન્ય જનતાએ તેમની બીડ (બિડસ્) રૂબરૂમાં રજૂ કરવા વિનંતી કરવામાં આવે છે. ગીરવે મૂકવામાં આવેલી મિલકત/સંપત્તિનું વેચાણ ઉપર જણાવ્યા મુજબ કરવામાં આવશે. દેવાદાર(રો) અને સહ દેવાદાર (રો)ને કુલ લેણી રકમ તેના પર ચડત વ્યાજ તથા અન્ય ખર્ચ સહિતની રકમ આ નોટીસ પ્રકાશીત થયાની તારીખથી **દિવસ ૧૫**માં ચુકવી આપવાની છેલ્લી તક આપવામાં આવે છે. જો ઉપર જણાવવામાં આવેલી રકમ, વ્યાજ અને ખર્ચ (જેમાં વેચાણ ખર્ચનો સમાવેશ થાય છે)સહિત અધિકૃત અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવશે અને તેને સંતોષ થાય તે રીતે લેણી રકમ, વ્યાજ અને ખર્ચ ઈ-ઓક્શનની શરૂઆત પહેલાં ચૂકવી દેવામાં આવી હશે તો વેચાણ પડતું મૂકવામાં આવશે.

કોઈ અધિકારી અથવા અન્ય વ્યક્તિને આ મિલકત સંબંધી કોઈ ફરજ સોંપવામાં આવી નથી. જોકે તે પ્રત્યક્ષ યા અપ્રત્યક્ષ રીતે મિલકતના વેચાણ માટે પ્રયાસ કરી શકશે નહી.

આ વેચાણ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨નાં નિયમો અને શરતો મુજબ રહેશે.

ઈ-ઓક્શન પોર્ટલ https://DisposalHub.com દ્વારા ૩૦-૦૮-૨૦૨૪ ના રોજ બપોરે ૨.૦૦ થી ૩.૦૦ વાગ્યા સુધી ૧૦ મિનિટના મર્યાદિત વધારા સાથે.

નિયમો અને શરતઃ ૧. નીચે આપવામાં આવેલી માહિતી નીચે સહી કરનારની ઉત્તમ જાણકારી મુજબ છે. પરંતુ તેમાં જો કોઈ ખોટું નિવેદન હશે અથવા જાહેરાત કરતી વખતે કોઈ ભૂલ કે ચૂક રહી ગઈ હશે તો તેનાં માટે અધિકૃત અધિકારી જવાબદાર રહેશે નહીં. બીડની રકમમાં જો કોઈ વિવાદ ઊભો થશે તો એ લોટ ફરીથી વેચાણ માટે મૂકવામાં આવશે. અને ગીરવે લેનારનો નિર્ણય આ બાબતે અંતિમ માનવામાં આવશે. **૨.** મિલકત અનામત કિંમતથી નીચા ભાવે વેચવામાં આવશે નહીં. **૩.** બીડની બોલીમાં **રૂ.૧૦,૦૦૦/- (ફક્ત દસ હજાર)**નાં ગુણાંકમાં વધારો કરવાનો રહેશે. **૪.** મિલકતની ખરીદી માટે તમામ બીડની સાથે અર્નેસ્ટ મની ઉપર જણાવ્યા મુજબ ડિમાન્ડ ડ્રાફ્ટમાં ''ટાટા કેપિટલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ''સુરત ખાતે ચૂકવવાને પાત્ર મોકલવાનો રહેશે. હરાજી પુરી થયા બાદ નિષ્ફળ બીડરને ઈએમડીનો ડ્રાફ્ટ પાછો આપી દેવામાં આવશે. **ઇએમડીની ચુકવણી એનઇએફટી/આરટીજીએસ/આઇએમપીએસ** દ્વારા કરવાની રહેશે તેના માટે અધિકૃત અધિકારીનો સંપર્ક કરવો. **૫.** સૌથી ઊંચી બોલી લગાવનાર બીડરને સફળ જાહેર કરવામાં આવશે અને તે અથવા તેણી કાયદેસર રીતે ઓક્શનમાં ભાગ લેવાને પાત્ર છે એમ માની લેવામાં આવશે. અનામત કિંમતથી ઓછી કિંમતે મિલકતનું વેચાણ થશે નહીં અને સૌથી ઊંચી બોલી અથવા તો જે કિંમત રાખવામાં આવી હશે તે સ્વીકારવી કે ન સ્વીકારવી તે અધિકૃત અધિકારીની મુનસફી પર આધાર રાખે છે. **૬.** કોઈપણ કારણોસર વેચાણ મુલતવી રાખવું કે રદ્દ કરવું તે બાબતનો નિર્ણય કરવાની અધિકૃત અધિકારીને સત્તા છે. **૭.** મિલકતની તપાસણી **તા. ૨૦-૦૮-૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા** સુધી અગાઉથી મંજૂરી લઈ કરી શકાશે. **૮.** સફળ બીડરે તેણે જાહેર કરેલી કુલ વેચાણ કિંમતની ૨૫ ટકા રકમ તાત્કાલિક ચૂકવવાની રહેશે, જેમાં ઈએમડીનો સમાવેશ થઈ જશે. આ રકમ ૨૪ કલાકની અંદર ચૂકવી દેવાની રહેશે. તેમાં નિષ્ફળ ગયેથી ડિપોઝીટ સહીતની રકમ જપ્ત થશે અને તે મિલકત ફરીથી હરાજી અથવા વેચાણ માટે મુકવામાં આવશે. મિલકત ખાનગી કરાર દ્વારા પણ વેચી શકાશે. **૯.** ઉપર જણાવ્યા મુજબ ૨૫ ટકા રકમ જમા કરાવ્યા બાદ બાકીની રકમ ખરીદનારાઓએ ડીડી/આરટીજીએસ દ્વારા 'અધિકૃત અધિકારી'ને તેના વેચાણને મંજુરી આપ્યાની તારીખથી ૧૫ દિવસમાં કરી દેવાની રહેશે. જેમાં રવિવાર તથા રજાનાં દિવસો આવી જતાં હશે તો ઓફિસ ખુલ્યાનાં પહેલાં દિવસે આ રકમ જમા કરાવવાની રહેશે. **૧૦.** ઉપર જણાવેલા સમય અનુસાર ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે તો મિલકતનું ફરીથી વેચાણ કરવામાં આવશે અને તેમાં ખાનગી સોદાને પણ આવરી લેવામાં આવશે અને ઈએમડી સહિતની ભરેલી રકમ ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરફથી જપ્ત કરી લેવામાં આવશે. નિષ્ફળ ખરીદનારનો મિલકત પરનો કોઈ દાવો સ્વીકારવામાં આવશે નહીં. **૧૧.** મિલકત પર કોઇપણ પ્રકારનો બોજો કે દાવો લેણા નિકળતા નથી અને ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ ની જાણ મુજબ આ મિલકત પર બોજો શૂન્ય છે. ઉપરના ટેબલમાં માહિતી આપવામાં આવી છે.સંભવિત બીડરની સલાહ આપવામાં આવે છે કે, ઇ ઓકશનમાં ભાગ લેતા પહેલા મિલકત પર કોઇ દબાણ કે વૈધાનિક જવાબદારીઓ બાકી નથી. તે બાબતની જાતે પોતે તપાસ કરી લેવી સંતોષ થયા પછી જ ઇ-ઓકશનમાં ભાગ લવો. **૧૨. ૧૨. વધુ અન્ય માહિતી મેળવવા માટે તથા ઓનલાઈન ટ્રેનીંગ મેળવવા માટે બીડર્સે સર્વિસ પ્રોવાઈડર, મેસર્સ નેક્સસેન સોલ્યુશન પ્રાઈવેટ લિમિટેડ, સરનામું: #૨૦૩,બીજે માળે,શ્રી શ્યામ પેલેસ, સેક્ટરઃ ૪ અને ૫ ક્રોસીંગ, રેલવે રોડ, ગુરૂગ્રામ ૧૨૨ ૦૦૬ તેમના મોબાઇલ દ્વારા +૯૧ ૯૭૧૦૦ ૨૯૯૩૩,+૯૧ ૯૮૧૦૦ ૨૯૯૨૬, ટેલીફોન નં. +૯૧ ૧૨૪ ૪ ૨૩૩ ૯૩૩, ઈ-મેઈલ આઈડીઃ CSD@disposalhub.com**અથવા **મનિષ બંસલ, ઈ-મેઈલ આઈડીઃ Manish.Bansal@tatacapital.com**ઓથોરાઇઝડ **ઓફિસર મો.નં. ૮૫૮૮૯૮૩૬૯૬ મહેરબાની કરી તમારી સમસ્યા માટે વોટ્સએપ નંબર-૯૯૯૯૦૭૮૬૬૯ ને મોકલી શકશો. ૧૩.** સૌથી ઉંચી બોલી બોલનાર બિડરે જાહેર કરેલી ઉંચી કિંમત પર નિયમ મુજબ ૧ ટકા ટીડીએસ ભરવાનો રહેશે. ટીડીએસનું ચૂકવણી અગાઉથી કહી દેવાની રહેશે અને બિડરે પોતાના પાન નંબર તથા ચલણની નકલ અમારી કંપનીને આપવાની રહેશે. **૧૪.** મહેરબાની કરી વધુ વિગત માટે સલામત ધિરાણ આપનારાઓની નીચે મુજબની વેબસાઈટ **http://surl.li/yctkwh** પરથી વધુ વિગત મેળવી શકશો. **નોંધઃ** ટીસીએચએફએલએ મિલકતના વેચાણ માટે ઉપર જણાવેલા ઓક્શન પાર્ટનર સિવાય અન્યને કોઇપણ પ્રકારના બ્રોકર/એજન્ટ તરીકે નિમ્યા નથી. રસ ધરાવનાર પક્ષોએ નીચે જણાવેલા અથવા અધિકૃત અધિકારીનો જ તમામ પ્રકારની માહિતી માટે સંપર્ક સાધવો.

સ્થળઃ સુરત
તારીખઃ ૧૩-૦૮-૨૦૨૪

સહી/- (અધિકૃત અધિકારી)
ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. ૮૦૨, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈ વે અને એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ) મુંબઈ - ૪૦૦૦૬૯
સુરત બ્રાંચ : ઓફિસ નં.૨૦૯ અને ૨૧૦, બીજા માળે, યુનિવર્સલ બિઝનેસ સેન્ટર, મધુવન સર્કલ નજીક, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત -૩૯૫૦૦૯ ગુજરાત
સુરત પરવત પાટીયા બ્રાંચ : દુકાન નં. ૩૧૨ અને ૩૧૩, ટાઈમ્સ ગેલેરીયા, સારોલી ગામના ગેટ નજીક, કુબેરજી ટેક્ષ્ટાઈલ માર્કેટની સામે, કડોદરા-સુરત રોડ, સુરત -૩૯૫૦૧૦ ગુજરાત

પરિશિષ્ટ ૪ સ્થાવર મિલકત માટેની કબજા નોટીસ

નીચે સહી કરનાર **આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (એએચએફએલ)**ના અધિકૃત અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના ખંડ ૧૩ (૧૨) ની સાથે સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૩ને સાથે વંચાણે લેતા આપવામાં આવેલ સત્તાનો ઉપયોગ કરી નીચે જણાવેલા દેવાદાર(રો)/જામીનદાર(રો)ને ડીમાન્ડ નોટીસ મોકલી ડીમાન્ડ નોટીસની તારીખથી **દિવસ ૬૦મા** ડીમાન્ડ નોટીસમાં જણાવેલી રકમ ચુકવી દેવા જણાવવામાં આવ્યું હતું.દેવાદારો લેણી નીકળતી રકમ ચુકવવામાં નિષ્ફળ જતા દેવાદાર(રો)/જામીનદાર(રો)ને ખાસ અને જનતાને આ નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે એક્ટના પેટાખંડ (૪) ખંડ ૧૩ની સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ને વંચાણે લેતા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા નીચે સહી કરનારે નીચેના વર્ણનવાળી મિલકતનો કબજો લીધો છે.આથી દેવાદારોનું એક્ટની જોગવાઈ પેટા ખંડ ૮ ખંડ ૧૩ તરફ ધ્યાન દોરવામાં આવે છે કે હજુ પણ તેમની પાસે ગીરો મિલકત છોડાવવાનો સમય છે.દેવાદારોને ખાસ અને જનતાને આ નોટીસ દ્વારા ચેતવણી આપવામાં આવે છે કે નીચે જણાવેલ મિલકત પર એએચએફએલનું નીચે જણાવેલ રકમનું લેણું નીકળે છે આથી કોઈએ એ મિલકતના વેચાણ અથવા ભાડાપટ્ટે કે અન્ય કોઈ રીતે હસ્તાંતરણ કરવું નહીં.

અ. નં.	દેવાદાર(રો)/સહદેવાદાર(રો) અને બ્રાંચનું નામ	ગીરો મિલકતનું વર્ણન(સ્થાવર મિલકત)	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	કબજાની તારીખ
1	લોન કોડ નં.૦૪૨૦૦૦૦૦૪૩૨, ૧૫૦૦૦૦૦૦૦૦૪ અને ૦૪૨૦૦૦૦૧૮૮૪/ સુરત બ્રાંચ મુકેશભાઈ મગનભાઈ ડાભી (દેવાદાર), પ્રભાબેન મુકેશભાઈ ડાભી (સહદેવાદાર), મોહનભાઈ પૂણાભાઈ મકવાણા (જામીનદાર)	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકત રે.સ.નં. ૨૮ ૪, બ્લોક નં.૮૭, ફ્લેટ નં. એ-૩૦૪, ત્રીજા માળે, ક્રિષ્ણા કોમ્પલેક્ષ,એ-વિંગ, સાયણ કીમ રોડ, રાંદલ માતા મંદિરની પાછળ, સુરત, ગુજરાત -૩૯૪૧૩૦ **ચતુઃસીમાઃ** પૂર્વેઃ ફ્લેટ નં.એ-૩૦૩, પશ્ચિમેઃફ્લેટ નં.બી-૩૦૪, ઉત્તરેઃપેસેજ અને દાદર, દક્ષિણેઃ રોડ	09-01-2024 ₹ 4,76,633/-& ₹ 1,82,702/-& ₹ 1,43,415/-	10-08-2024
2	લોન કોડ નં.૦૪૨૦૦૦૦૦૧૫૧/ સુરત બ્રાંચ) મંગેશભાઈ જાધવ(દેવાદાર), પ્રતિભાબેન મંગેશભાઈ જાધવ (સહદેવાદાર) અમનકુમાર અનિલભાઈ ખેંગાર (જામીનદાર)	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકત બ્લોક નં.૮૨, ફ્લેટ નં.૨૦૩, બીજા માળે, સિદ્ધેશ્વર કોમ્પલેક્ષ, રાંદલ માતા મંદિરની પાછળ, સાયણ કીમ રોડ, સુરત, ગુજરાત -૩૯૪૧૩૦ **ચતુઃસીમાઃ** પૂર્વેઃ ફ્લેટ નં.૨૦૪, પશ્ચિમેઃ ફ્લેટ નં.૨૦૨, ઉત્તરેઃ ખુલ્લી જગ્યા, દક્ષિણેઃ પેસેજ	08-06-2021 ₹ 5,89,556/-	10-08-2024
3	લોન કોડ નં.૧૨૩૦૦૦૦૦૦૭૩/ સુરત પરવત પાટીયા બ્રાંચ રીટાબેન પંકજભાઈ મિસ્ત્રી (દેવાદાર), પંકજભાઈ મોહનભાઈ મિસ્ત્રી (સહદેવાદાર)	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકત બ્લોક નં.૮૨, સબ પ્લોટ નં.૧૦૦ ૧,ફ્લેટ નં. ૧૦૧ , પહેલા માળે,શિવાલય એપાર્ટમેન્ટ, રાંદલ માતા મંદિરની પાછળ, સિવાણ રોડ, સાયણ , સુરત, ગુજરાત -૩૯૪૧૩૦ **ચતુઃસીમાઃ** પૂર્વેઃ દાદર ફ્લેટ નં.૧૦૨, પશ્ચિમેઃ સોસાયટીની જમીન, ઉત્તરેઃ સોસાયટીની જમીન, દક્ષિણેઃ પેસેજ, ફ્લેટ નં.૧૦૪	18-07-2022 ₹ 5,04,038/-	10-08-2024
4	(લોન કોડ નં.૦૪૨૧૦૦૦૦૦૮૩/સુરત બ્રાંચ) માફા રામ (દેવાદાર) સોમતી દેવી (સહદેવાદાર)	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકતસ્કાય વિલા, વ્રજ રેસીડેન્સીની સામે, રે.સ.નં.-૨૯૦, બ્લોક નં.૧૪૯ ૧૩૪ સ્યાદલા, સુરત, ગુજરાત -૩૯૪૧૦૭ **ચતુઃસીમાઃ** પૂર્વેઃ સોસાયટીનો રોડ, પશ્ચિમેઃ પ્લોટ નં.૧૩૯, ઉત્તરેઃ પ્લોટ નં.૧૩૫, દક્ષિણેઃ પ્લોટ નં.૧૩૩	13-05-2024 ₹ 5,26,468/-	10-08-2024

સ્થળ : ગુજરાત
તારીખ : ૧૩-૦૮-૨૦૨૪

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ

Printed by Manojbhai Laljibhai Mistry at GUARDIANPRESS B-17/2, Hojiwala Industrial Estate, Sachin-Palsana Road, Near Sachin, Surat on behalf of owners Manojbhai Laljibhai Mistry & Published by Manojbhai Laljibhai Mistry at Guardian House, Suman Desai ni Wadi, Udhna Darwaja, Ring Road, Surat-395002 on behalf of Owners Manojbhai Laljibhai Mistry Editor: Manojbhai Laljibhai Mistry.

અમેરિકામાં ગુજરાતીઓનો દબદબો ' ફર્સ્ટ યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શન'માં ૧૫ હજાર લોકોએ હાજરી આપી

અમદાવાદ, તા.૧૨

ફેડરેશન ઓફ ગુજરાતી એસોસિએશન દ્વારા અમેરિકામાં "વન ગુજરાત, વન ગુજરાતી, વન વોઈસ"ની ટેગલાઈન સાથે ડલાસમાં "ફર્સ્ટ યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શન 2024"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં રાજ્યના નાણાંમંત્રી કનુ દેસાઈ અને સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ ભાગ લીધો હતો. કોન્ફરન્સને CM ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલી સંબોધિત કરી હતી. આ કાર્યક્રમમાં 15 હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો. મહત્વનું છે કે ગુજરાતમાં વાયબ્રન્ટ ગુજરાત ઈવેન્ટની જેમ અમેરિકામાં ગુજરાતી સમૂદાય દ્વારા દર વર્ષે ગુજરાતી કન્વેન્શનનું આયોજન કરવામાં આવે છે.



વસતા ગુજરાતી લોકોએ ગુજરાતની સંસ્કૃતિ, ગુજરાતના સંસ્કારો અને ગુજરાતની અસ્મિતાને જાળવી રાખી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ કાર્યક્રમની સફળતા માટે પોતાનો શુભકામના સંદેશ પાઠવ્યો હતો. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી અમેરીકામાં વસતા ગુજરાતી સમુદાયને માર્ગદર્શીત કર્યા હતાં. ડલ્લાસ ખાતેના આ ત્રણ દિવસના કાર્યક્રમ દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા હતાં.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુભેચ્છા પાઠવી, મુખ્યમંત્રી ભૂપેદ્ર પટેલ વર્ચ્યુલ સંબોધન કર્યું, નાણામંત્રી કનુ દેસાઈ, સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા વ્યક્તિગત હાજરી આપવા પહોંચ્યા

મહત્વનું છે કે, યુ.એસ.એ. સ્થિત લગભગ 100 જેટલી ગુજરાતી સમુદાયની સંસ્થાઓએ સંયુક્તપણે ફેડરેશન ઓફ ગુજરાતી એસોસીએશન ફોગા નામની સંસ્થાની સ્થાપના કરી છે. FOGAએ વર્ષોથી U.S.A. માં

નર્મદાના પાણીથી ઉત્તર ગુજરાતનાં ૯૫૨ તળાવો ભરવા રાજ્ય સરકારનું આયોજન

અમદાવાદ, તા.૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતના ખેડૂતો અને નાગરિકોને નર્મદાનું પાણી પહોંચાડવા એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. નર્મદા બંધના ઉપરવાસમાં થયેલા વ્યાપક વરસાદને પરિણામે સરદાર સરોવર બંધમાં પાણીનો આવરો વધ્યો છે, તેમાંથી આ પાણી ઉત્તર ગુજરાતના તળાવોમાં પહોંચાડવામાં આવશે.

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાઓના કુલ 952 તળાવોને જુદીજુદી 13 પાઈપલાઈનો મારફતે નર્મદાનું પાણી અપાશે.

હાલ આ પાઈપ લાઈનો દ્વારા 1 હજાર ક્યુસેક્સ પાણીનું ઉદવહન કરીને તળાવોમાં પહોંચાડવાની શરૂઆત કરવામાં આવી છે, તે ક્રમશઃ વધારીને 2400 ક્યુસેક્સ કરાશે.

'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' યુવાનોનું ઊર્જા સમર્પણ, વિકસિત ભારત સાકાર કરશે: માંડવીયા

અમદાવાદ, તા.૧૨

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત તથા શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે અમદાવાદમાં 'ઈમ્પેક્ટ વીથ યુથ કોન્કલેવ 2024'માં મુખ્ય સંબોધન કર્યું હતું. યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના સહયોગથી સંયુક્ત રાષ્ટ્ર ભારત, યુનિસેફ, યુનિસેફ યુવાહ અને એલિક્ઝિર ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ કાર્યક્રમમાં સેંકડો ઉત્સાહી યુવાનોને પોતાની ક્ષમતાને ખોલવા માટે સમર્પિત કરવામાં આવ્યા હતા.



વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં યુવાનોની ભૂમિકા પર પ્રકાશ પાડતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, "યુવાનો માત્ર આવતીકાલના જ નહીં, પરંતુ પરિવર્તન ઘડનારાઓ પણ છે. તમારી ઊર્જા, નવીનતા અને સમર્પણ પ્રધાનમંત્રીના વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતનાં વિઝનને સાકાર કરવા માટે ચાવીરૂપ છે."

'યુવા સંવાદ' નામના વિશેષ સેગમેન્ટમાં ડૉ. માંડવિયાએ યુવાનો સાથે સંવાદ સાધ્યો હતો. અસંખ્ય યુવાન સહભાગીઓએ પડકારોનો સામનો કરવા અને તેમના સમુદાયોમાં સકારાત્મક પરિવર્તન લાવવાની તેમની પ્રેરણાદાયી વાતો શેર કરી હતી, જે સમાજમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે તેમની સંભવિતતા અને દ્રઢ નિશ્ચય પર ભાર મૂકે છે.

કેન્દ્રીય મંત્રીએ યુવાનોને પ્રધાનમંત્રીની #Plant4Mother પહેલમાં સક્રિયપણે ભાગ લેવા પણ પ્રોત્સાહન આપ્યું હતું.

ઈમ્પેક્ટ વીથ યુથ કોન્કલેવમાં કેન્દ્રિય રમતગમત અને રોજગાર મંત્રી મનસુખ માંડવીયાએ યુવાનોને પ્રોત્સાહિત કર્યાં

ડાક ચોપાલ જનમાનસ અને સરકારી કાર્યો વચ્ચે મહત્વપૂર્ણ કડી તરીકેનું કામ કરશે: ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ, તા.૧૨

ડાક વિભાગ દ્વારા જરૂરી સરકારી અને નાગરિક-કેન્દ્રિત સેવાઓને પ્રત્યેક લોકો સુધી પહોંચાડવા માટે દરેક જિલ્લામાં 'ડાક ચોપાલ'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં 'ડાક ચોપાલ' પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવા અને તેમને પ્રોત્સાહિત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા નવી સચિવાલય, સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર ખાતે 'ડાક ચોપાલ' પર એક વિશેષ આવરણ અને વિરુપણ જારી કરવામાં આવ્યું.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે 'ડાક ચોપાલ' અભિયાનની પ્રશંસા કરતા કહ્યું કે ડાક ચોપાલ જનમાનસ અને સરકારી કાર્યોની વચ્ચે મહત્વપૂર્ણ કડી તરીકે કામ કરશે, જેના પરિણામે અંતર અને પહોંચ જેવા અવરોધો ઘટશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ડાક વિભાગની ભૂમિકા માં ઘણા સકારાત્મક પરિવર્તનો આવ્યા છે. આવી સ્થિતિમાં, આ પહેલનો હેતુ જરૂરી સરકારી અને નાગરિક-કેન્દ્રિત સેવાઓને સમાજના અંતિમ ખૂણા સુધી પહોંચાડવાનો છે, જેનો ફાયદો ગુજરાતની પ્રજાને અને તમામ લાભાર્થીઓને મળશે.

મુખ્યમંત્રીએ "ડાક ચોપાલ" પર વિશેષ આવરણ અને વિરુપણ જારી કર્યું: સરકારી અને નાગરિક કેન્દ્રિત સેવાઓને લોકો સુધી પહોંચાડવું સરળ બનશે

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની ફાયરમેન અને ડ્રાઈવરની કુલ 117 જગ્યાઓ માટે ભરતીની જાહેરાત

અમદાવાદ, તા.૧૨

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB)એ જાહેરાત નંબર

16થી 31મી ઓગસ્ટ દરમિયાન ઓનલાઈન અરજી કરવાની રહેશે અરજીમાં પ્રમાણપત્રો જોડવા નહીં પડે, પરંતુ તેની વિગતો ભરવાની રહેશે

236/202425 અંતર્ગત ફાયરમેન-ડ્રાઈવર, વર્ગ 3 ની 117 જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી છે. આ ભરતીની પ્રક્રિયા ઓનલાઈન શરૂ થશે અને પાત્ર ઉમેદવારો 16 ઓગસ્ટથી 31 ઓગસ્ટ સુધી અરજી કરી શકશે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નિયંત્રણ હેઠળની ખાતાના વડાની કચેરી નિયામક, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ફાયરમેન કમ ડ્રાઈવર, વર્ગ ૩ સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગી યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી ઓજસની વેબસાઈટ પર ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

આ માટે ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in પરથી૧૬/૦૮/૨૦૨૪ (૧૪ ૦૦ કલાક) થી ૩૧/૦૮/૨૦૨૪ (સમય ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ મંડળની વેબસાઈટ https://gsssb.gujarat.gov.in પર મૂકવામાં આવશે.

બ્રિટીશ હાઈકમિશનર લિન્ડી કેમરોને મુખ્યમંત્રીની મુલાકાત લીધી: ગુજરાતનાં રોકાણકારોને આવકાર

અમદાવાદ, તા.૧૨

ભારત સ્થિત બ્રિટીશ હાઈ કમિશનર સુશ્રી લિન્ડી કેમરોને ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. બ્રિટીશ હાઈ કમિશનર તરીકેનો ભારતમાં પદભાર સંભાળ્યા પછી તેમની ગુજરાતની આ પ્રથમ મુલાકાતમાં મુખ્યમંત્રીએ તેમને ઉષ્માસભર આવકાર આપ્યો હતો.



ભૂપેન્દ્ર પટેલ અને સુશ્રી લિન્ડી કેમરોન વચ્ચે ગુજરાતે વિકાસના ક્ષેત્રે ભરેલા આયામોની ચર્ચા કરવામાં આવી

અગ્રેસર રાજ્ય હોવાનું જણાવીને ઉમેર્યું હતું કે, કચ્છમાં વિશ્વનો સૌથી મોટો હાઈબ્રીડ એનર્જી પાર્ક નિર્માણ આધીન છે. ગ્રીન હાઈડ્રોજન જેવા ઉભરતા ક્ષેત્રમાં પણ ગુજરાતની ગ્લોબલ પ્રેઝન્સ થઇ છે.

આ સંદર્ભમાં રીન્યુએબલ એનર્જી સેક્ટરમાં બ્રિટન સાથે મળીને આગળ વધવાની તત્પરતા સુશ્રી લીંડી કેમરોને વ્યક્ત કરી હતી. બ્રિટીશ હાઈ કમિશનરે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બ્રિટિશ હાઈ કમિશનર સાથેની વાતચીતમાં ગુજરાત રીન્યુએબલ એનર્જી સેક્ટરમાં ગુજરાતના ઉદ્યોગ રોકાણકારો જો બ્રિટનમાં રોકાણ માટે આવે તો તેમને આવકારવાની ઉત્સુક્તા દર્શાવી હતી.

સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી નડીયાદ કરાશે

અમદાવાદ, તા.૧૨

ભારતના સ્વાતંત્ર્ય પર્વ-૧૫મી ઓગસ્ટ-૨૦૨૪ની રાજ્યકક્ષાની ઉજવણી ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ ખાતે કરવામાં આવનાર છે. ૧૫મી ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને નડિયાદ ખાતે ધ્વજવંદન સમારોહ યોજાશે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી બનાસકાંઠા ખાતે તથા રાજ્ય મંત્રીમંડળના સભ્યો-કલેક્ટર વિવિધ જિલ્લા મથકોએ ધ્વજવંદન કરાવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ધ્વજવંદન કરાવશે: અન્ય જિલ્લાઓની જવાબદારી મંત્રીઓને સોંપવામાં આવી

કેબિનેટ મંત્રી કનુ દેસાઈ સુરત, ઋષિકેશ પટેલ મહેસાણા, રાઘવજી પટેલ જૂનાગઢ, બલવંતસિંહ રાજપૂત કચ્છ, કુંવરજી બાવળીયા અમરેલી, મુળુભાઈ બેરા બોટાદ, કુબેર ડિંડોર સાબરકાંઠા, ભાનુબહેન બાબરિયા ગીર સોમનાથ, નાયબ અધ્યક્ષ-વિધાનસભા જેઠા આહીર (ભરવાડ) પંચમહાલમાં ધ્વજવંદન કરાવશે.

જ્યારે રાજ્યમંત્રી હર્ષ સંઘવી વડોદરા, જગદીશ વિશ્વકર્મા વલસાડમાં ધ્વજવંદન કરાવશે.

રાજકોટ પાલિકાનો ચીફ ફાયર ઓફિસર લાંચ લેતા ઝડપાયો

રાજકોટ, તા.૧૨

ગત 25 મે, 2024ના રોજ રાજકોટમાં અગ્નિકાંડ થયો હતો અને તેમાં 27 લોકો જીવતા ભૂંજાઈ ગયા હતા. આ અગ્નિકાંડ



થયા બાદ ફાયરની કામગીરી સામે અનેક સવાલો ઉઠ્યા હતા. આમ છતાં ફાયર વિભાગના ભ્રષ્ટ અધિકારીઓ પોતાનો ભ્રષ્ટાચારનો ધર્મ છોડતા ન હોય એ રીતે આજે રાજકોટ મનપાનો ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર 1.80 લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ મહાનગરપાલિકાના ક્લાસ વન ઈન્ચાર્જ

ગેમઝોનમાં 27 નિર્દોષના મોત થવા છતાં ભ્રષ્ટાચારમાં ગળાડૂબ ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અનિલ મારૂએ ફાયર એનઓસી માટે 3 લાખની લાંચ માંગી, 1.80 લાખ લેતાં રંગેહાથ ઝડપાઈ ગયો

ચીફ ફાયર ઓફિસર અનિલકુમાર બેચરભાઈ મારુને જામનગર ACBએ 1.80 લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યો છે. જામનગર ACB પાસેથી મળતી માહિતી મુજબ ફરિયાદી ફાયર સેફ્ટી ફિટિંગનું કામ કરે છે અને તે શહેરમાં એક બિલ્ડિંગમાં પોતે કરેલા ફાયર સેફ્ટીના કામ અંગેનું એનઓસી લેવા ફાયર ઓફિસર પાસે ગયો હતો. જ્યાં ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અનિલકુમાર મારુએ તેની પાસે NOC આપવા 3 લાખની લાંચ માગી હતી. જોકે, ફરિયાદીએ આ કામ માટે 1.20 લાખ રૂપિયા આપ્યા હતા અને બાકીના 1.80 લાખ ચાર-પાંચ દિવસમાં આપવાનું કહ્યું હતું.

ફરિયાદી લાંચની રકમ આપવા માગતો ન હોવાથી તેણે જામનગર ACBનો સંપર્ક કર્યો હતો. ફરિયાદની ફરિયાદ બાદ જામનગર ACBએ લાંચિયા અધિકારીને ઝડપી પાડવા છટકું ગોઠવ્યું હતું. આ દરમિયાન ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી રૂપિયા 1.80 લાખ આપવા કહ્યું હતું. આ દરમિયાન અનિલ મારૂએ ફરિયાદી પાસેથી લાંચના 1.80 લાખ નાણાં સ્વીકારતા જ જામનગર ACBએ તેને રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

:: જાહેર નોટીસ :: વિ.જે.ભંડારી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, સીટી પ્રાંત, સુરતની કોર્ટમાં

વાદી : મહેશ કાંતિલાલ પટેલ — નં.જ.મ.પ્ર./એસ.આર.નં.૩૮૯/૨૦૨૪

રહે. ૧૩, રાધાકૃષ્ણ સોસાયટી, સંજય સોસાયટીની પાછળ, સોમનાથ મહાદેવ રોડ, ઉમરા, સુરત. — તા.૧૯/૦૬/૨૦૨૪

વિરુદ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગર પાલિકા, સુરત.

વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી મહેશ કાંતિલાલ પટેલ રહે. ૧૩, રાધાકૃષ્ણ સોસાયટી, સંજય સોસાયટીની પાછળ, સોમનાથ મહાદેવ રોડ, ઉમરા, સુરત ના માતા નાનીબેન કાંતિભાઈ પટેલનું અવસાન તા. ૦૮/૦૯/૧૯૮૬ ના રોજ ૧૩, રાધાકૃષ્ણ સોસાયટી, સંજય સોસાયટીની પાછળ, સોમનાથ મહાદેવ રોડ, ઉમરા, સુરત ખાતે થયેલ છે અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૯/૦૬/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

(વિ. જે. ભંડારી)
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, અને
નાયબ કલેક્ટર, સીટી પ્રાંત, સુરત.

નર્મદા ડેમ ૯૦ ટકા પાણીથી છલોછલ ભરાઈ ગયો

અમદાવાદ, તા.૧૨

ગુજરાતની સાથે સાથે ઉપરવાસમાં થઈ રહેલા વરસાદના પરિણામે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૯૦ ટકાથી વધુ જળ સંગ્રહ નોંધાયો છે. સરદાર સરોવર યોજનામાં હાલમાં ૩,૦૦,૪૦૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૯.૯૨ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે આ સિવાય રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩,૪૬,૮૫૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૬૧.૯૨ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે.

રાજ્યમાં વરસી રહેલા વરસાદના પરિણામે ૪૯ જળાશયો સંપૂર્ણ ભરાયેલા જ્યારે ૧૩ જળાશયો ૯૦ ટકાથી ૧૦૦ ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય સરદાર સરોવર સહિત રાજ્યના ૪૦ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. આ ઉપરાંત ૨૦ ડેમ ૫૦ થી ૭૦ ટકા ભરાતા વોર્નિંગ આપવામાં આવી છે જ્યારે ૪૧ ડેમ ૨૫થી ૫૦ ટકા ભરાયા છે.

આજરોજ ઉપરવાસમાં ભારે વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવરમાં ૨,૬૭,૮૦૭ ક્યુસેક જ્યારે ઉકાઈ યોજનામાં ૬૦,૫૩૪ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે.

BANK OF MAHARASHTRA
Zonal office Surat : 2nd Floor, Mile Stone Fiesta, Near Madhuvan Circle, L P Savani Road, Adajan, Surat - 395009, Tele : 0261-2730520.

કબજા નોટિસ (નિયમ- ૮(૧)) (સ્થાવર મિલકત માટે)

